ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું અને સોમવારે ધો.૧૦નું પરિણામ

### આખરે બોર્ડ પરીક્ષાના પરિણામોની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની

ગાંધીનગર તા ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા સંદર્ભે આખરે બોર્ડ કક્ષાએથી તારીખ જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ધો -૧૦ નુ પરિણામ આગામી તા ૬ જુનના રોજ જાહેર કરાશે જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ આજે જાહેર કરાશે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર થશે. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લાના ૧૩૩૮૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાની તારીખ જાહેર થતા પરિણામલક્ષી ઈન્તેજારીનો અંત આવવાની સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામ સંબંધિત ઉત્તેજના પ્રબળ બની છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવા માટે બોર્ડ કક્ષાએથી તારીખ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. બોર્ડ પરીક્ષાના પરિણામ અંગે બોર્ડે જાહેરાત કરી દેતા વિદ્યાર્થીઓની પરિણામ લક્ષી આતુરતાનો ટુંકમાં અંત આવી જશે શિક્ષણ બોર્ડ દ્વારા તા ૪ જુનના રોજ ધો ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરાશે. જયારે તા ૬ જુનના રોજ ધો -૧૦ નુ પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી ૧૩૩૮૨ વિદ્યાર્થીઓએ ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી જયારે જિલ્લામાંથી ૨૬૯૯૨ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષામાં હાજરી આપી હતી. ગત માર્ચ મહીનામાં તા ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી બોર્ડ પરીક્ષા લેવામાં આવી હતી જયારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કક્ષાએથી પ્રથમ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ આ તબક્કે જુનનાા પ્રથમ સપ્તાહમાં ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવશે તેમ પણ શિક્ષણ મંત્રીએ જણાંવ્યુ હતુ જયારે જુન મહીનાની શરૂઆતના બે દિવસના અંતે પણ બોર્ડ પરીક્ષાના પરિણામની તારીખ જાહેર ન થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સતત શાળા કક્ષાએ પુછતાછ કરવાની સાથે પરિણામની ઈન્તેજારી બાબતે અધીરા બન્યા હતા.

જયારે આજે પરિણામની જાહેરાત કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. બોર્ડ પરીક્ષામાં આ વર્ષે પ્રશ્નપત્રો પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓ પરીક્ષાના અંતે ખુશ જોવા મળ્યા હતા કોરોના કાળમાં ગત વર્ષે પરીક્ષા લેવામાં આવી ન હતી. જયારે આ વર્ષે પરીક્ષાના અંતે પરીણામની પણ વિશેષ ઈન્તેજારી રહી છે. ધો -૧૨ સામાન્ય પ્રવાહ અને ધો-૧૦ માં પણ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવી હતી જેના લીધે બોર્ડ પરીક્ષા દરમિયાન એકાદ કોપી કેસ સિવાય અન્ય કોઈ ગેરરીતીનાો કિસ્સો નોંધાયો નથી. ધો -૧૦ માં પણ જિલ્લામાંથી ૨૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે ૩૨ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા હતા જેમાં પુર્વમાં ૪૫૬ બ્લોક અને પશ્ચિમમાં ૪૭૨ થઈને કુલ ૯૩૩ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા નિયત કરાઈ હતી. પરીક્ષાના તમામ વર્ગ ખંડમાં પણ સી સી કેમેરાની વોચ રાખવામાં આવી હતી. જયારે આજે ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી જાહેર કરાશે.




નિયમોની ઐસીતૈસી - રાજ્યના પાટનગર ગાંધીનગરમાં કમિશનરની નોટીસ છતાં જાહેર સ્થાનો જેવા કે બસ સ્ટેન્ડ પર રાજકીય પક્ષોએ પોત-પોતાના ચૂંટણી નીશાનોને ચમકાવવા ચિત્રામણ કર્યા છે... ચૂંટણી આવે એટલે રાજકીય પક્ષો નિતી-નિયમો, કાયદા બધુ ઘોળીને પી જાય છે... ચૂંટણીના નશામાં નાગરિક ધર્મ પણ ભૂલી જાય છે... એટલું જ નહિ પણ પ્રજાની સુખાકારી કે સમાજ હિત નેવે મુકીને ચૂંટણી જીતવાના મનસુબા સાકાર કરવામાં બધુ જ કરે છે... ગાંધીનગરની આ તસવીર રાજકીય પક્ષોની આંખ ઉઘાડનારી છે... ચૂંટણી પંચ પણ નોંધ લઈને નોટીસ ફટકારે એવી અપેક્ષા સાથે તસવીરકારે તસવીર કેદ કરી છે...

## શહેરમાં પ્રિ.મોન્સુનની કામગીરી નહિ થઈ હોવાનો કોંગી કાઉન્સીલરનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મનપા દ્વારા પ્રિ.મોન્સુન કામગીરી નહિ થઈ હોવાનો ગંભીર આક્ષેપ કોંગી કાઉન્સીલર અંકિત બારોટે કરી રોગચાળાનો ભય નગરજનોમાં ઉભો થયો છે અને તે માટે ભાજપના ભાષણપ્રિય સત્તાધીશો જવાબદાર હોવાનું જણાવ્યું છે.

આજે આ મુદ્દે મ્યુનિ. કમિશનરને રૂબરૂ રજુઆત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે શહેરના મોટાભાગના વિસ્તારોમાં આડેધડ વિકાસના નામે ખોદકામ ચાલી રહેલ છે. કોઈપણ કામ પૂર્ણ થયુ નથી. નિમ્નસ્તરનું કામ ચાલી રહ્યું હોવાનું જણાવી તેમણે જણાવ્યુ હતુ કે પાણીની લાઈન નાખવાની હોય કે ગટરલાઈનનું કામ હોય દરેક કામમાં ભ્રષ્ટ્રાચારને લઈ યોગ્ય કામગીરી થતી નથી.

સેકટરોમાં જે માર્ગો બનાવવામાં આવ્યા છે તેનું લેવલ કરવામાં આવેલ નથી. સેક્ટરોને ફરતે વોલ બનાવી પણ પાણીના ડ્રેનેજની કોઈ જોગવાઈ નથી.

કમિશનરને ઉદ્દેશની લખેલા પત્રમાં બારોટે મેયર અને ચેરમેનને ફોટા પડાવવામાં અને ઉદ્ઘાટનોમાં તેમજ ભાષણબાજીમાં રસ છે. તેમને ચોમાસામાં પાણીના નિકાલની કામગીરીના આગોતરા આયોજનમાં રસ નથી. અમે કોંગ્રેસ પક્ષ તરફથી શહેરમાં વિવિધ સ્થાનો પર બેનરમાં મેયર-ચેરમેનના મોબાઈલ નંબરને હેલ્પલાઈન તરીકે જાહેર કરીશુ તેવી ચીમકી આપી છે.

## શહેરના બજારોમાં કચ્છની કેસર કેરીની જમાવટ

### વરસાદના પ્રારંભ પહેલા શહેરમાં કચ્છની કેસર કેરીનું આગમન : તલાલા-જુનાગઢની કેસર કેરીનો માલ ઓછો થઈ ગયો

ગાંધીનગર, તા.૩

આ વર્ષે કેસર કેરીની આવક ખુબ ઓછી રહી છે જેથી ભાવ ઉંચા છે તેમ છતાં સ્વાદ રસિકો કેસર કેરીનો સ્વાદ માણવાનું ચૂકતા નથી. અત્યાર સુધી તલાલા-ગીર જૂનાગઢની કેસર કેરીનો સ્વાદ માણ્યા બાદ ગાંધીનગરાઓ હવે કચ્છની કેસરનો સ્વાદ માણી રહ્યા છે.

ઉનાળો એટલે કેરીની મોસમ. સ્વાદમાં ખટમીઠી કેરી એટલે ફળોનો રાજા. નાના મોટા સૌને કેરી ભાવતી કેરીની સીઝન હાલમાં ખુબ જામી છે. ગયા વર્ષે આવેલા વાવાઝોડાના પરિણામે આ વર્ષે સૌરાષ્ટ્રની કેસર કેરી બજારમાં ઓછી આવી છે. માલ ઓછો હોવાથી તલાલા, ગીર અને જૂનાગઢની કેસરનો ભાવ ખુબ ઉંચો રહ્યો છે. જો કે ભાવ ઉંચો હોવા છતાં સ્વાદરસિકો તેનો સ્વાદ માણવાનું ચુકયા નથી. મોંઘા ભાવે પણ તેની ખરીદી થઈ રહી છે. મે મહિનામાં તલાલા-ગીરની કેસર બજારોમાં આવ્યા બાદ હવે કચ્છની કેસરની જમાવટ બજારોમાં થઈ રહી છે. સૌરાષ્ટ્રની કેસરની આવક ઓછી થઈ ગઈ છે. જૂન મહિનાના પ્રારંભે હવે કચ્છની કેરી આવી ગઈ છે. સ્વાદમાં ખુબ જ સરસ લાગતી કચ્છી કેસર ગીરની કેસર કરતા સાઈઝમાં થોડીક નાની હોય છે. જો કે તેનો સ્વાદ અનેરો હોય છે. આ વર્ષે કચ્છની કેસરનો ભાવ ૯ કિલોના બોકસના ૧૨૦૦ થી ૧૫૦૦ રૂ. રહ્યા છે. ૫ કિલોનું પેકીંગ ૬૦૦ થી ૮૦૦ રૂ.માં મળી રહ્યું છે. હજુ વરસાદ શરૂ થશે ત્યાં સુધી કચ્છની કેસરની સીઝન રહેશે.

## સે. ૨૨નો ૩૨ વર્ષીય યુવક કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૨ ખાતે એક ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

મળતી વિગતો મુજબ આ યુવક રિલાયન્સની જામનગર સ્થિત ફેક્ટરીમાં ફરજો બજાવતો હતો અને ત્યાં સંક્રમિત દર્દીના સંપર્કમાં આવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. હવે શહેરમાં રોજબરોજ છુટા છવાયા કેસો મળી રહ્યા છે. તેમાં મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી રહી હોવાથી તંત્ર પણ ચિંતીત બન્યુ છે.

આજે નોંધાયેલા આ કેસ સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૫ પર પહોંચી છે. શહેરમાં કેસો મળી રહ્યા છે જોકે તંત્ર સંક્રમણની સ્થિતિ હજુ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરી રહેલ છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાંથી મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની જાહેર સ્થાનો પર અમલવારી થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

## શહેરના સાત સ્થળો વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ

### ખોરજ, કુડાસણ, વાવોલ, પેથાપુર તેમજ સે. ૬, ૭ અને સે. ૨૪ નો સમાવેશ : શહેરમાં જાન્યુ.થી અત્યાર સુધીમાં ચિકનગુનિયાના ૫, ડેન્ગ્યુના ૩ અને મેલેરીયાના ૧૬ કેસ નોંધાયા છે : તંત્ર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ખોરજ, કુડાસણ, વાવોલ, પેથાપુર તેમજ સે. ૬, ૭ અને સે. ૨૪ એ વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે મનપાના મેલેરીયાતંત્રએ ઓળખી કાઢ્યા છે.

શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટેનો આખો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ માટે શહેરમાં ૫૦ થી વધુ વેક્ટર કંટ્રોલ ટીમો બનાવવા ૧૨૫ માણસોની ભરતી કરવાની મંજૂરી માંગવામાં આવી છે. આ ઉપરાંત મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર તેમજ આશા કાર્યકરોની પણ ટીમો બનાવી સઘન સર્વેલન્સ કરવામાં આવશે.

શહેરમાં મચ્છરોની ઉત્પત્તિને નાથવા માટે અમે ગત મહિનાથી જ વરસાદી પાણી ભરાઈ રહેતા હોય તેવા ભંગાર અને ટાયરોને ધાબાઓ પરથી તેમજ અન્ય સ્થાનોએથી હટાવવાની કામગીરી આરંભી દીધી છે એટલુ જ નહિ ૫૦ ટકાથી વધુ કામગીરી આ અંગે પૂર્ણ થઈ ગઈ છે અને આગામી ૧૫/૬ પહેલાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અમે શહેરમાં એન્ટી લારવેલની કામગીરી પણ સઘન રીતે હાથ ધરી શકાય તે માટેની તાલિમ કર્મયોગીઓને આપી દીધી છે. શહેરમાં વરસાદી પાણી ભરાઈ ના રહે તે માટે કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને પત્ર લખી જાણ કરી દીધી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં આ નવા વર્ષમાં અત્યાર સુધીમાં ચિકનગુનિયાના ૫ કેસ, ડેન્ગ્યુના ૩ અને મેલેરીયાના ૧૬ કેસ નોંધાયા છે.

મેલેરીયાના કેસોમાં ગત વર્ષની તુલનામાં થોડોક વધારો જરૂર કહી શકાય પણ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને અમે તેથી જ સંવેદનશીલ વિસ્તારોમાં અત્યારથી જ સઘન સર્વેલન્સ ચાલુ કર્યુ છે. ચિકનગુનિયાના કેસોમાં ચિકનગુનિયાના માઈલ્ડ લક્ષણો જોવા મળ્યા હોવાનો એકરાર પણ આ સૂત્રોએ કર્યો છે.



ગુરૂ અર્જુન દેવજી શહીદી દિવસ નિમિત્તે ઘ-૫ સર્કલ નજીક ઠંડા પાણીની પરબ શરૂ કરાઈ હતી. કાળઝાળ ગરમીમાં પરેશાન થતા વટેમાર્ગુઓને ઠંડુ પાણી પીવડાવીને સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

## સે-૨૨માં પણ સરકારી આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરવા વિચારણા

### શહેરમાં અંદાજિત ૧૪૦૦ જેટલા નવા આવાસો બાંધવા માટે ટુંકમાં જ સે-૨૨, સે-૨૯ અને સે-૩૦ સહીતની જગ્યાએ સ્થળ પસંદગી કરવામાં આવશે : સે-૨૨ માં પણ નવા આવાસો તૈયાર કરવા માટે વિચારણા

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરમાં સ્થિત સરકારી આવાસો દાયકાઓના અંતે જોખમી સ્થિતિમાં છે. સેકટરોમાં રહેણાંકનો લાયક આવાસો રહ્યા નથી જયારે જોખમી આવાસોની સંખ્યા પણ વધુ છે. આ સ્થિતિ વચ્ચે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જેના લીધે તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. સેકટરોમાં જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે તબક્કવાર કામ હાથ ધરવામાં આવે છે. જયારે શહેરમાં નવા ૧૪૦૦ જેટલા નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરાયુ છે. ત્યારે સે-૬ બાદ હવે સે-૨૨ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં અન્ય આવાસો બાંધવા માટે પણ સ્થળ પસંદગી ટુંકમાં કરી દેવાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો હાલ કંગાળ હાલતમાં છે. જયારે મોટાભાગના મકાનો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના મકાનો પૈકી કેટલાક બ્લોક રીનોવેશન હેઠળ પણ આવરી લેવાયા છે. જયારે તબક્કાવાર બ્લોકનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ આવાસોની ઘટનો પ્રશ્ન પણ જટીલ બન્યો છે. કર્મચારીઓ આવાસ માટેની અરજીનો આંકડો સતત ઉંચકાઈ રહ્યો છે. તંત્ર પાસે રહેણાંકને લાયક મકાનો ઉપલબ્ધ ન હોવાથી માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી દિનપ્રતિદિન મોટી થતી જાય છે. હાલ પણ અંદાજિત ૪૫૦૦ જેટલા કર્મચારીઓ આવાસ મેળવવા માટે પ્રતિક્ષા યાદીમાં છે. શહેરમાં જુના આવાસો અલબત્ત જોખમી મકાનો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. સેકટરોમાં હાલ આવાસોનો કડસુલો કરવાની કામગીરી પણ ચાલી રહી છે. આ ઉપરાંત સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે પણ કામ હાથ ધરાયુ છે. સેકટરોમાં દાયકાઓ જુના મકાનો તોડી ઉપલબ્ધ થતી ખુલ્લી જગ્યામાં નવા મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. શહેરમાં સૌ પ્રથમ સે-૭ માં નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે હાલ આ ઠેકાણે પરિવારનો વસવાટ પણ છે. જયારે સે-૨૯ અને સે-૩૦ માં પણ નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. સે-૬ માં પણ થોડા સમય અગાઉ જ તૈયાર થયેલી નવી આવાસ યોજનાના આધારે પરિવારોને સુવિધાયુક્ત

● અનુસંધાન પાન-૭ પર

## હવે ગરમીમાં રાહત થશે : મહત્તમ તાપમાનમાં બે ડીગ્રી જેટલો ઘટાડો આવશે

### માર્ચ-એપ્રિલમાં અંગારા વરસાવતી ગરમીના અંતે જુન મહીનામાં વરસાદી વાયરા સાથે ગરમીમાં રાહત થશે : આજે પણ મહત્તમ તાપામનમાં નજીવો ઘટાડો નોંધાયો


ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ઉનાળાની કાતિલ ગરમીનુ જોર હવે ધીમે ધીમે હળવુ થશે. છેલ્લા બે મહીનાથી આગ વરસાવતી ગરમીથી જનજીવન આકુળવ્યાકુળ બન્યુ છે. જયારે ગરમીનો પારો પણ સતત ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે જ રહેતા શહેરીજનો ગરમીથી તોબા પોકારી ગયા છે. હવામાન તજજ્ઞોનાના મતે આજથી હવે ગરમીનુ જોર ઘટશે જેમાં મહત્તમ તાપમાનમાં એકાદ ડીગ્રીનો ઘટાડો થશે જુન મહીનામાં પણ વરસાદી વાયરાની અસર સાથે ગરમીનુ જોર ઘટશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં આ વર્ષે ઉનાળાની કાતિલ ગરમીથી જનજીવન ત્રાહીમામ છે. ગરમીએ છેલ્લા આઠ વર્ષના રેકર્ડ તોડી નાંખ્યા છે. ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહેતા જનજીવન પણ પ્રભાવિત છે. સતત હીટવેવના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. છેલ્લા ઘણાં સમયથી ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળે છે. ચામડીને દાહ આપતી ગરમીથી બચવા માટે નગરજનો ઘરમાં જ પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે. જયારે દિવસની આકરી ગરમીમાં મુર્ઝાયેલુ જનજીવન રાત્રિની ઠંડકમાં નિખરી ઉઠે છે. જયારે એપ્રિલ અને મેં મહીનાની આગ વરસાવતી ગરમીના અંતે હવે જુનમાં વરસાદી વાયરા સાથે ગરમી પ્રકોપ હળવો થઈ જશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાવી રહ્યા છે. શહેરમાં ગઈકાલે ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી રહ્યો હતો જયારે આજે ગરમીમાં હળવા ઘટાડો જોવા મળ્યો છે. મહત્તમ તાપમાન ૦,૫ ડીગ્રીના ઘટાડા સાથે ૪૨ ડીગ્રી આવી ગયુ છે. હવામાન વિભાગના તજજ્ઞોના મતે આગામી બે દિવસમાં હવે ગરમીનો મિજાજ એકાદ ડીગ્રી હળવો થઈ જશે અલબત્ત ગરમીનુ જોર ઘટશે. શહેરમાં સતત ગરમીના લીધે જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીના લીધે નગરજનો પણ ઘરમાં જ પુરાયેલા રહેતા શહેરના શોપિંગ બજાર સહીતના જાહેર સ્થળો પર પણ ખાલીપો જોવા મળે છે. જો કે આજે ગરમીની સાથે રાત્રિના તાપમાનમાં પણ ફેરફાર જોવા મળ્યો હતો જેમાં રાત્રિનુ તાપમાન એક ડીગ્રી ઉંચકાયુ હતુ. માર્ચ મહીનાથી જ ગરમીનુ જોર વધુ રહ્યુ હતુ. અલબત્ત માર્ચ મહીનામાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીને અડી ગયો હતો જયારે એપ્રિલ અને મેં મહીનામાં સતત ત્રણ વાર મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી સુધી પહોંચી ગયા બાદ એકવાર ગરમીએ હદ વટાવી હતી મહત્તમ તાપમાન ૪૫.૮ ડીગ્રી સુધી ઉપર આવતા આકાશમાંથી અંગારા વરસ્યા હતા સતત હીટવેવના લીધે નગરજનો તોબા પોકારી ગયા છે. છેલ્લા બે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી જ્ઞાતિના સ્વ. અનંતરાય જગજીવનરાય ભટ્ટના ધર્મપત્ની **ગં.સ્વ. સવિતાબેન ભટ્ટનું** તા. ૩/૬/૨૦૨૨ને શુક્રવારના રોજ ગાંધીનગર મુકામે અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૪/૬/૨૦૨૨ને શનિવારના રોજ સાંજે ૫ થી ૭-૦૦ વાગ્યે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રામેશ્વર મહાદેવનું મંદિર, સેક્ટર-૩/ડી, ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| સ્વ. વિનોદભાઈ એ. ભટ્ટ (પુત્ર) | ગં.સ્વ. ઉષાબેન વી. ભટ્ટ (પુત્રવધૂ) |
| ભરતભાઈ એ. ભટ્ટ (પુત્ર) | રીનાબેન બી. ભટ્ટ (પુત્રવધૂ) |
| હર્ષદભાઈ એ. ભટ્ટ (પુત્ર) | સંગીતાબેન એચ. ભટ્ટ (પુત્રવધૂ) |
| મીનાબેન આર. ભટ્ટ (પુત્રી) | રાજુભાઈ બી. ભટ્ટ (જમાઈ) |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com